# શહેરમાં મેઘ મહેર : ૨૪ કલાકમાં ૪ ઈંચ વરસાદ

## શનિવાર રાતથી સવાર સુધીમાં ત્રણ ઇંચ જેટલો વરસાદ વરસ્યો : સેક્ટરોના કોમન પ્લોટ, ખુલ્લી જગ્યાઓ અને મેદાનોમાં વરસાદી પાણીના તળાવ ભરાયાં : વાતાવરણમાં હિલ સ્ટેશન જેવી આલ્હાદક ઠંડક છવાઈ

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગરમાં છેલ્લા કેટલાક સમયથી સારા વરસાદ માટે તરસી રહેલા શહેરીજનોને શનિવારની રાત્રિએ વરસેલી મેઘ મહેરથી હૈયે ટાઢક વળી છે. શનિવારે રાત્રે સાડા આઠથી સવારના સાડા આઠ સુધીમાં ત્રણેક ઈંચ જેટલો વરસાદ વરસ્યો હતો અને રવિવારે દિવસ દરમ્યાન વધુ એક ઈંચ જેટલો વરસાદ વરસતાં શહેરમાં સર્વત્ર આનંદ સાથે વાતાવરણમાં ઠંડક પણ પ્રસરી વળવા પામી છે.







ગાંધીનગરમાં છેલ્લા ૨૪ કલાકમાં ચાર ઈંચ જેટલો વરસાદ વરસવા પામ્યો છે. જેના કારણે શહેરના ખુલ્લા પ્લોટો, મેદાનો તથા રોડની સાઈડોમાં પણ પાણી ભરાયેલાં જોવા મળી રહ્યાં છે. શનિવારે રાત્રે સાડા આઠથી રવિવારે સવારના સાડા આઠ વાગ્યા સુધીમાં કુલ ૮૨.૫ મી.મી. વરસાદ નોંધાયો હતો. જ્યારે રવિવારે દિવસ દરમ્યાન પણ છુટા છવાયાં ઝાપટાં સાથે વધુ ૨૨ મી.મી. વરસાદ નોંધાતા છેલ્લા ૨૪ કલાકનો કુલ વરસાદ ૧૦૪.૫ મી.મી. થવા પામ્યો છે. શનિ-રવિની રજા અને નાગપાંચમ-રાંધણછઠ્ઠ જેવા તહેવારોના દિવસોમાં શહેરીજનો જે ઘણા દિવસથી ઝંખી રહ્યાં હતા તેવી મેઘકૃપા આકાશેથી વરસી પડતાં સર્વત્ર આનંદ-ઉત્સાહની લાગણી છવાઈ છે. ઘણા શહેરીજનોએ તો શનિવારે શરૂ થયેલો વરસાદ મોટે ભાગે સાપ્તાહિક હેલી બની જતો હોય છે

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લામાં શ્રાવણી હેલીથી ખુશીનો માહોલ

## ગાંધીનગર જિલ્લામાં સિઝનનો ૫૦ ટકા વરસાદ થઈ ગયો : આજે પણ જિલ્લામાં સાર્વત્રિક ૧ ઇંચ વરસાદ દિવસ દરમ્યાન નોંધાયો : કલોલમાં હાઈવે પર પાણી ભરાયા

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર જિલ્લામાં આજે સતત બીજે દિવસે પણ સાર્વત્રિક વરસાદ થતાં ખેડૂતોમાં આ મેઘ મ્હેરથી ખુશીનો માહોલ છવાઈ જવા પામ્યો છે.

ગ્રામ્ય વિસ્તારમાં આજે સવારે ૬ થી સાંજના ૬ સુધીમાં એક ઈંચથી પણ વધુ વરસાદ નોંધાયો છે. ગઈકાલે પણ જિલ્લામાં સરેરાશ ૪૧ મી.મી. જેટલો વરસાદ નોંધાયો હતો.

જિલ્લામાં સતત બીજે દિવસે પણ મેઘ મ્હેર ચાલુ રહેતાં ગ્રામીણ તળાવોમાં નવા નીરની આવક થઈ છે એટલુ જ નહિ પાકોને પણ આનાથી મોટો ફાયદો થયો છે.

આજે સવારે ૬ વાગ્યાથી જ જિલ્લામાં વાદળો ઘેરાયા હતા અને ધીમીધારનો વરસાદ આરંભાયો હતો. જો કે ક્યારેક તે હળવો તો ક્યારેક ઝાપટા રૂપે નોંધાયો હતો. સવારે ૬ વાગ્યાથી સાંજના ૬ સુધીમાં કલોલમાં ૩૮ મી.મી., ગાંધીનગરમાં ૩૩ મી.મી., દહેગામમાં ૨૫ મી.મી. અને માણસામાં ૨૪ મી.મી. વરસાદ નોંધાયો હતો. બે દિવસથી થઈ રહેલ મેઘ મ્હેરને કારણે વાતાવરણમાં પલ્ટો આવ્યો છે. વાતાવરણમાં થોડીક ઠંડક જોવા મળી રહી છે. જો કે હજુ પણ ઉકળાટ અને બફારો વધુ અનુભવાયો હોવાનું ગ્રામજનો કહી રહ્યા છે. શ્રાવણની હેલી જેવો માહોલ છેલ્લા બે દિવસથી જિલ્લામાં જોવા મળી રહ્યો છે અને તેની ખુશી લોકોના મુખ પર સ્પષ્ટ જોવા મળી રહી છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લામાં સિઝનનો ૫૦ ટકા વરસાદ થઈ ચુક્યો છે. જિલ્લામાં અત્યાર સુધીમાં સૌથી વધુ વરસાદ માણસા તાલુકામાં ૫૪.૦૩ ટકા નોંધાયો છે. જ્યારે સૌથી ઓછો વરસાદ કલોલ તાલુકામાં ૪૦ ટકા નોંધાયો છે. દહેગામમાં ૫૨.૬૪ ટકા અને ગાંધીનગરમાં ૫૧.૦૨ ટકા વરસાદ નોંધાયો છે.

મી.મી.માં વરસાદ જોઈએ તો દહેગામ અને માણસામાં આજે સવાર સુધીમાં ૪૩૬ મી.મી. વરસાદ થયો છે. ગાંધીનગરમાં ૩૬૬ મી.મી. વરસાદ થયો છે. જ્યારે કલોલમાં ૩૧૦ મી.મી. વરસાદ થયો છે. કલોલમાં આજે સવારથી શરૂ થયેલ મેઘ મ્હેરને કારણે હાઈવે પર પાણી ભરાઈ જવા પામ્યા હતા. ગાંધીનગર તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં પણ ઠેર ઠેર પાણી ભરાયાની ફરિયાદો ઉઠી છે. જિલ્લામાં બે દિવસની વરસાદી હેલીથી વાતાવરણમાં ઠંડક જરૂર પ્રસરી છે.

# જિલ્લામાં ખરીફ વાવેતર એક લાખ હેક્ટરને પાર

## મગફળીનું વાવેતર વધ્યુ : દિવેલાનું ૭૨૭૯ હેક્ટરમાં વાવેતર થયુ : સૌથી વધુ વાવેતર ગાંધીનગરમાં, દહેગામ બીજા ક્રમે, કલોલમાં સૌથી ઓછુ વાવેતર નોંધાયુ

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર જિલ્લામાં ખરીફ વાવણી એક લાખ હેક્ટરને પાર કરી ચુકી છે. જિલ્લામાં આ વખતે સમયસરનું ચોમાસુ અને સારો વરસાદ થતાં ખેડૂતોમાં ખુશીનો માહોલ છવાયેલો છે.

સાનુકૂળ આકાશી પરિસ્થિતિ વચ્ચે મજૂરોની અછત અને મંદી તેમજ મોંઘા બિયારણોને પગલે વાવણીની કામગીરી થોડીક ધીમી જરૂર જણાય છે પરંતુ પહેલીવાર જિલ્લાની પાક પેટર્નમાં મોટો બદલાવ થયો હોવાથી પણ ખેતીકાર્ય થોડુક ધીમુ રહ્યાનું ખેડૂત આગેવાનોનું કહેવુ છે.

જિલ્લામાં અત્યાર સુધીમાં ૧,૦૦,૨૨૩ હેક્ટર વિસ્તારમાં ખરીફ વાવણીની કામગીરી સંપન્ન થઈ ગઈ છે.

દહેગામમાં ૨૮,૯૨૫ હેક્ટરમાં, ગાંધીનગરમાં ૨૯,૩૩૧ હેક્ટરમાં અને કલોલમાં ૧૯૨૬૦ હેક્ટરમાં તથા માણસામાં ૨૨,૭૦૮ હેક્ટર વિસ્તારમાં વાવણી કાર્ય સંપન્ન થયુ છે. દિવેલાની ખેતી અને શાકભાજીના પાકો જે ફેર રોપણીના છે તેનુ વાવેતર પણ હવે વેગીલી બનશે તેમ મનાઈ રહ્યુ છે.

● અનુસંધાન પાન-૭ પર



મોડો મોડો પણ પાટનગર ગાંધીનગરમાં આખરે ધોધમાર વરસાદ પડતા નગરજનોમાં ખુશીનો માહોલ સર્જાયો અને ગરમીમાં થી મુક્તિ મળી. સર્જાયો ઠંડકનો માહોલ.પરંતુ માત્ર થોડા જ વરસાદમાં નગરમાં દરવખતની જેમ રાત્રે ઠેર ઠેર ચાલી રહેલા ખોદકામ અને પાણી ભરાઈ જવા પામ્યા અને સોસાયટીમાં ની ખતરનાક ખુલી ગટરોથી નાગરિકો ભય ના ઓથાર હેઠળ.એવામાં સેક્ટર:૪/બી ની સોસાયટીમાં એક કાર ધડાકાભેર ખુલી ગટરમાં ખાબકી હતી,સદનસીબે ચાલક તેમજ પરિવારનો સામાન્ય ઈજા સિવાય આબાદ બચાવ થવા પામ્યો હતો. ઘટનાની જાણ ફાયર કન્ટ્રોલ રૂમ ને કરતા ગાંધીનગર ચીફ ફાયર ઓફિસર મહેશભાઈ મોઢ ની સૂચનાથી ધોધમાર વરસતા વરસાદમાં પણ રાત્રે ૧૦ કલાકે ફાયરના જવાન સુરેન્દ્રસિંહ તથા સાથી ટીમ દ્વારા ભારે જહેમત ઉઠાવી ને કારને ગટરમાંથી બહાર કાઢી હતી. સર્વે એ તેમનો આભાર માનેલ,પરંતુ ગટર વ્યવસ્થા તંત્ર આ અંગે ક્યારે યોગ્ય કાર્યવાહી કરશે તે આગામી સમયજ કહી શકશે,હાલતો રહીશો માં આ અંગે ખુબજ રોષ ની લાગણી જોવા મળી રહી છે.




# ગ્રામ્ય વિસ્તારમાં વધુ ૨૦ કેસ

## પેથાપુરમાં ૪ તો કુડાસણમાં ૩ કેસ નોંધાયા : ગાંધીનગર તાલુકામાં ૧૧ કેસ, કલોલમાં ૭ કેસ અને માણસામાં બે કેસ નોંધાયા

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે કોરોનાના વધુ ૨૦ કેસ મળી આવ્યા છે. ગ્રામ્ય વિસ્તારમાં ગઈકાલે થયેલા એન્ટીજન ટેસ્ટ અંગે આજે તંત્રએ મૌન સેવ્યુ છે. જિલ્લામાં ગઈકાલે કલોલ તાલુકામાં અને ગાંધીનગર તાલુકામાં બે જગ્યાએ માસ સેમ્પલીંગ કર્યુ હતુ.

મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર તાલુકામાં આજે ૧૧ કેસ, કલોલમાં ૭ કેસ અને માણસામાં બે કેસ મળી આવ્યા છે.

ગાંધીનગર તાલુકામાં સેમી અર્બન વિલેજ તરીકે ડેવલપ થઈ રહેલા ગ્રામ્ય વિસ્તારોમાં કેસોની સંખ્યા વધી રહી છે તેને લઈ તંત્રની ચિંતામાં વધારો થયો છે.

મળતી વિગતો પ્રમાણે કુડાસણમાંથી ૩ કેસ, પેથાપુરમાંથી ૪ કેસ તેમજ રાંદેસણ, ઝુંડાલ, ઈસનપુર-મોટા અને રાંધેજામાંથી એક એક કેસ મળી આવેલ છે.

હોટસ્પોટ એરિયા તરીકે ઓળખાતા કુડાસણમાંથી આજે ૩૯ વર્ષીય પુરૂષ, ૫૨ વર્ષીય પુરૂષ અને ૩૩ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. કુડાસણના કેસોની સંખ્યા ૪૦ ને પાર કરી ગઈ હોવાનું જાણવા મળેલ છે.

આવા જ બીજા હોટસ્પોટ ગણાતા પેથાપુરમાંથી આજે ૪ કેસ મળ્યા છે. જેમાં એક મહિલા દર્દીનો સમાવેશ થાય છે. પેથાપુરમાં વધતા જતા કેસોને પગલે પણ તંત્રમાં ચિંતાની લાગણી જોવા મળી રહી છે. પેથાપુરમાંથી એક ૫૨ વર્ષીય મહિલા, ૨૭ વર્ષીય યુવાન, ૫૭ વર્ષીય પુરૂષ અને ૬૧ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

રાંદેસણ ગામેથી પણ વધુ એક કેસ આજે મળી આવ્યો છે. ૪૩ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. ઝુંડાલમાંથી ૬૦ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. ઈસનપુર-મોટા ગામેથી પણ ૪૬ વર્ષીય પુરૂષનો અને રાંધેજામાંથી ૬૧ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

કલોલ શહેરમાં આજે કોરોનાએ પુનઃ માથુ ઉંચક્યુ છે. ગઈકાલે શહેરી વિસ્તારમાં એક પણ કેસ નોંધાયો ન હતો અને એક દિવસ બાદ આજે અર્બન-૨ ના વિસ્તારમાંથી એકી સાથે ૭ કેસ સામે આવતાં તંત્ર ચોંકી ઉઠ્યુ છે.

આજે નોંધાયેલા ૭ કેસમાં ૪ મહિલા દર્દીઓ છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં મહિલાના કેસો જે રીતે વધી રહ્યા છે તેને લઈ પણ તંત્ર ચિંતીત બન્યુ છે. મહિલાઓ જે રીતે સંક્રમિત થઈ રહી છે તે જોતાં કોમ્યુનીટી ટ્રાન્સમિશન છે કે લોકલ ટ્રાન્સમિશન તે અંગે તંત્ર દ્વિધા અનુભવી રહ્યું છે.

કલોલ અર્બન-૨ વિસ્તારમાંથી આજે ૫૫ વર્ષીય મહિલા, ૩૯ વર્ષીય પુરૂષ, ૩૦ વર્ષીય મહિલા, ૨૭ વર્ષીય મહિલા, ૩૧ વર્ષીય પુરૂષ, ૩૫ વર્ષીય પુરૂષ અને ૪૦ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

માણસા તાલુકાના ગ્રામીણ વિસ્તારમાં આજે બે કેસ નોંધાયા છે. માણસાના ઈન્દ્રપુરા ગામેથી એક ૪૨ વર્ષીય પુરૂષ અને લોદરામાંથી એક ૨૦ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

જિલ્લાના ગ્રામીણ વિસ્તારમાં કોવિડ-૧૯ સંક્રમણના કેસોની સંખ્યા વધી રહી છે.

જો કે તંત્રએ આજે પણ દાવો કર્યો છે કે જિલ્લામાં રિકવરી રેટ સારો છે. આ સપ્તાહમાં જ ત્રીજીવાર નોંધાયેલા કેસો કરતાં રિકવરી પ્રાપ્ત થયેલ દર્દીઓના ડિસ્ચાર્જની સંખ્યા વધુ છે. આજે જિલ્લામાં વધુ ૨૫ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આ સાથે જિલ્લામાં આજ સુધીમાં ૯૭૫ દર્દીઓને ડિસ્ચાર્જ આપી દેવામાં આવ્યુ છે.

જિલ્લામાં હાલ ૧૯૨ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જિલ્લામાં આજે ૧૭,૪૦૨ લોકોને ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં હાલ ૪૦૦ જેટલા કન્ટેનમેન્ટ ઝોન છે.

જિલ્લામાં વધતા જતા કેસોને નિયંત્રણમાં લેવા સઘન સર્વેલન્સ શરૂ કરવામાં આવેલ છે.

# શહેરમાં નવા ૭ કેસ

## પાંચ વર્ષનું બાળક, સિવિલના ડોક્ટર તેમજ પાંચ વડીલો કોરોનામાં સપડાયા : સે. ૭ માં ૨ કેસ, સે. ૫ માં ૨ કેસ, સે. ૨૧, સે. ૨૫ અને સે. ૧૨ માં કેસ

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર શહેરમાં કોરોનાના આજે વધુ ૭ કેસ નોંધાયા છે. આ સાથે શહેરમાં કોરોનાના કેસોની સંખ્યા વધીને ૫૬૮ પર પહોંચી છે.

આજે નોંધાયેલા કેસોમાં પાંચ કેસ ૬૦ થી વધુ વય ધરાવતા દર્દીઓના છે. તો પાંચ વર્ષનું એક નાનુ બાળક પણ કોરોનાની ઝપટમાં આવી ગયુ છે.

મળતી વિગતો પ્રમાણે આજે સે. ૭ માં બે કેસ, સે. ૫ માં બે કેસ, સે. ૧૨, સે. ૨૧ અને સે. ૨૫ માંથી એક કેસ મળી આવેલ છે. ગાંધીનગર સિવિલ હોસ્પિટલના વધુ એક ડૉક્ટર પણ કોરોનાથી સંક્રમિત થયા છે.

ગાંધીનગર શહેરમાં વધતા જતા કેસોને પગલે તંત્રની ચિંતામાં વધારો થઈ રહ્યો છે. શહેરમાં કન્ટેનમેન્ટ ઝોનના નિયમોનું અસરકારક અમલીકરણ થાય તે માટે તંત્ર હવે તેનુ ધ્યાન કેન્દ્રીત કરવા માટેનું મન બનાવી લીધુ હોવાનું જાણવા મળેલ છે.

શહેરમાં સે. ૭ માં આજે બે કેસ નોંધાયા છે. બન્ને મહિલા દર્દી છે. મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં તબીબ તરીકે નોકરી કરતી અને સે. ૭ માં રહેતી એક ૨૪ વર્ષીય યુવતીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ મહિલા તબીબે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. તંત્રએ મહિલા તબીબના પરિવારના ૩ સભ્યોને હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે. સે. ૭ માંથી બીજો એક કેસ ૬૨ વર્ષીય ગૃહીણીનો આવ્યો છે. આ ગૃહણીને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. તંત્રએ આ ગૃહીણીના પરિવારના પાંચ સભ્યોને હોમ ક્વોરન્ટાઈન કર્યા છે.

સે. ૧૨ માંથી એક ૭૦ વર્ષીય વૃદ્ધનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ વૃદ્ધને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. આ વૃદ્ધના પરિવારના ૩ સભ્યોને તંત્રએ ક્વોરોન્ટાઈન કર્યા છે.

સે. ૨૧ માંથી પણ એક ૬૨ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેમને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. આ દર્દીના પરિવારની એક વ્યક્તીને તંત્રએ હોમ ક્વોરોન્ટાઈન કરેલ છે.

સે. ૨૫ ની જી.આઈ.ડી.સી.માં શાકભાજીનો ધંધો કરતી એક ૬૦ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ મહિલાને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી છે. આ મહિલા દર્દીના પરિવારના ૩ સભ્યોને તંત્રએ હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે.

સે. ૫ માંથી પણ આજે બે કેસ મળ્યા છે. જેમાં એક પાંચ વર્ષના બાળકનો પણ સમાવેશ થાય છે. આ બાળકને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

સે. ૫ માંથી એક ૬૨ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પણ પોઝીટીવ આવ્યો છે. આ દર્દીને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. આ દર્દીના પરિવારના પાંચ સભ્યોને તંત્રએ હોમ ક્વોરન્ટાઈન કર્યા છે.

ગાંધીનગર શહેરમાં હવે સઘન સર્વેલન્સ કરવાની સાથે ટેસ્ટની સંખ્યામાં પણ વધારો કરવામાં આવશે. મળતી વિગતો પ્રમાણે શહેરમાં રોજના ૭૫ થી વધુ લોકોના ટેસ્ટ કરવામાં આવી રહ્યા છે. ટેસ્ટીંગ રેટ વધારીને કોરોનાથી સંક્રમિત થયેલા લોકોને શોધી કાઢવાની વ્યુહરચના તંત્રએ તૈયાર કરી હોવાનું જાણવા મળેલ છે.

ગાંધીનગર શહેરમાં નોંધાયેલા ૫૬૮ કેસમાંથી ૪૪૧ દર્દીઓ રિકવર થઈ જતાં તેમને હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આજે શહેરમાં વધુ ૧૦ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.

શહેરમાં હાલ ૧૧૩ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. શહેરમાં આજે ૪૬૯ લોકોને ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com